ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*બહુમતિઓ મતની કિંમત તાગી ગયા છે,*
*બાગી થઈને હવે બધા ધંધે લાગી ગયા છે,*
*માગી રહ્યા છે સૌ હક, હવે નાક દબાવીને -*
*અનામતના ઓછાયે સમાજો જાગી ગયા છે!*
*(ઠાકોર સમાજનો હુંકાર)*

હાઈકુ

*ગાજ્યા'તા ઢોલ,*
*ઉગ્યા નહીં વાયદા!*
*ખૂલે છે પોલ...*
*(અર્થતંત્રનો આંક)*

*ડાબેથી કાન!*
*રાષ્ટ્રપતિ શાસન -*
*પગપેસરો!*
*(વફાદાર રાજ્યપાલો!?)*

### ચિંતન

**સર્વાશ્ચ સંપત સર્વોપાયેન પરિચહેત ॥**

ચાણક્યનીતિશાસ્ત્રનું આ શ્લોક છે :

'યેનકેન ઉપાયે - કોઈ પણ રાષ્ટ્રીય સંપત્તિની સુરક્ષા કરી બચાવવી જોઈએ.'

નીજી સંપત્તિના સંરક્ષણ માટે તો ધનિક લોકો સદાય સતત ચિંતાતુર રહે છે અને તેની વૃદ્ધિ માટે પણ જાગૃત રહી - સાચા ખોટા પ્રયત્ન પણ કરતા રહે છે. એવી જ રીતે દેશના આયોજક પણ રાષ્ટ્રની તિજોરીની આવક વધારવા પણ ટેક્સની સતત શક્યતા અંગે વિચારતા જ હોય છે.

જે રાષ્ટ્રીય સંપત્તિનો વિકાસ થયો છે એ પ્રજાના પૈસે-પ્રજા દ્વારા જ થયો છે પરંતુ અંગત સ્વાર્થની માગણીઓ માટે લોકો વિરોધ કરવા ખોટા રસ્તા અપનાવી લોકો-સરાકરનું ધ્યાન દોરવા માટે રેલવે-કારખાનાં-દુકાનો-બસોનો વિનાશ કરતા હોય છે. આવી બચપના હરકતથી બચી, રાષ્ટ્રીય સંપત્તિનું જતન કરવું જોઈએ. વિરોધ વ્યક્ત કરવાના અનેક શાંત-નિર્દોષ રસ્તા પણ છે.

### સુવિચાર

- તમે જે કામ ભવિષ્યમાં કરવાના છો તેના આધાર પર હાલ પ્રતિષ્ઠા ઊભી કરી ન શકો - **હેન્રી ફોર્ડ**
- મૂલ્ય જખ્મોથી કદી ઘટતું નથી, રત્નમાં પણ કૈંક ચીરા હોય છે - **ડો. જીતેન્દ્ર જોશી**
- જીવનમાં કયારેય ભય ઉત્પન્ન થાય એવી પ્રવૃત્તિ ન કરો... જીવન નિર્ભયતા માટે છે - **જીવનસૂત્ર**
- જીવનની પ્રત્યેક ક્ષણમાં જેની જાગૃતિ સતત વર્તમાનમાં છે... એ જ ઋષિમુનિ - **મોરારિ બાપુ**
- આત્મા અને મનની બિમારીનો ઈલાજ એલોપથી કે હોમીઓપથીમાં નહીં પણ 'સિમ્પથી' કરૂણા જ છે - **અમૃતબિંદુ**
- જીવનમાં બને તેટલા સત્કર્મો કર્યા કરજો જેથી તમારા મૃત્યુ પછી અન્યને તમારા આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવાની જરુર જ ન પડે - **હરીન્દ્ર દવે**
- **આજનું ઔષધ :** તલના તેલનું પોતું મૂકી પાટો બાંધવાથી ઝખ્મ જલદી રૂઝાય છે

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ નેતાઓ જયારે ચૂંટણી પ્રચારમાં નીકળે ત્યારે જે તે પ્રદેશના ડ્રેસ, ટોપી, ફેંટા, પાઘડી પહેરી મતદાતાઓ પર ભાવાત્મક ઐક્યનો પ્રભાવ પાડવા પ્રયત્ન કરે છે. સ્થાનિક ભાષામાં એક-બે શબ્દ પણ બોલે છે. આ માત્ર પ્રચાર-નાટક છે. લોકો પણ સમજી હસી કાઢે છે.

એક વાર મુલ્લાં નસરુદીન બજારમાં ટર્કીસ ટોપી પહેરી ફરતા હતા. ત્યાં તૂર્ક નાગરિક હાથમાં એક ચબરખી લઈ મુલ્લાં પાસે આવ્યો અને કહ્યું, આમાં શું લખ્યું છે. એ વાંચી આપો ને!

મુલ્લાંએ કાગળ ઊંચો-નીચો, ઊંધો-ચત્તો કર્યો પછી પૂછ્યું, આ કઈ ભાષામાં લખાણ છે?

પેલો કહે, 'ટર્કીસ' ભાષા જ છ!

મિયાં કહે - પણ મને ટર્કીસ ભાષા વાંચતા નથી આવડતી!

પેલ્લો ગુસ્સો થયો. ચબરખી ઝૂંટવી કહ્યું, તો ટર્કીસ ટોપી શા માટે પહેરી છે?

મિયાંએ ટોપી ઉતારી એને માથે મૂકતાં કહ્યું - લેઆ ટોપી, હવે તું જ વાંચી લે!!

## ભગવાનના ઘરમાં ભેદભાવ ના ચાલે

શિરડી સાંઈ મંદિર સાથે સંકળાયેલ સાંઈબાબાના શયનખંડમાં તેમ જ કેરળના પદ્મનામ મંદિર, શબરીમાલા મંદિર, મધ્યપ્રદેશના મુક્તાગિરિ જૈન મંદિર અને રાજસ્થાનના કાર્તિકેય મંદિર જેવા પવિત્ર તીર્થધામોમાં સ્ત્રીઓના પ્રવેશ પર નિયંત્રણ છે. આવી જ પરંપરા શિરડી નજીક શિંગણાપુરના વિશ્વપ્રસિદ્ધ શનિમંદિર સાથે જોડાયેલી છે. અહીં મહિલાઓ દૂરથી જ દર્શન કરી શકે છે. શનિ પ્રતિમા સ્વરુપે સ્થાપિત કાળા પથ્થર પર તેઓ તેલ ચડાવી શકતી નથી. હનુમાનજીનાં મંદિરોમાં પણ સ્ત્રીઓને પૂજન-અર્ચનનો મર્યાદિત અધિકાર જ અપાયેલો છે. આ તમામ પરંપરાઓ મૂળભૂત રીતે પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થાની માનસિકતાની જ ફલશ્રુતિ છે. શનિ-શિંગણાપુરમાં એક મહિલા શ્રદ્ધાળુ દ્વારા આ પરંપરાનું અતિક્રમણ થયા પછી મુદ્દો વધુ પ્રકાશમાં આવ્યો છે. જાણે શનિ મહારાજના ઘરમાં કોઈ આતંકવાદી ઘૂસી ગયો હોય એમ હોબાળો મચી ગયો અને સીસીટીવી ફૂટેજમાં મહિલાને શનિ પ્રતિમા પર તેલ ચડાવતી જોઈ પુરાતનપંથીઓ નારાજ થઈ ગયા. ખુદ સ્થાનિક પ્રશાસન પણ આ મુદ્દે જુનવાણી પરંપરાનું જ સમર્થન કરતું રહ્યું. દરમિયાન પ્રગતિશીલ વિચારસરણી ધરાવતાં પ્રતિષ્ઠાનો અને મહિલા સંગઠનો ઉપરાંત ડાબેરી વિચારધારાવાળાં પરિબળોએ મહિલાઓના સમાન દરજ્જાની માગણી બુલંદ કરતાં શનિ-શિંગણાપુરની વ્યવસ્થાપક સમિતિમાં એક મહિલાને પ્રમુખપદે બેસાડી દેવામાં આવી. જો કે ખુદ સમિતિની અધ્યક્ષાને પણ પરંપરાગત નીતિ નિયમો પાળવાના હોવાથી આ પગલાથી મહિલા સંગઠનો સંતુષ્ટ નથી. એમણે રીતસરનો મોરચો

### તંત્રીસ્થાનેથી....

કાઢીને શનિદેવ પર તેલના અભિષેક માટે ઝુંબેશ ઉપાડી છે. પ્રાચીન ધર્મસ્થાનની પ્રસ્થાપિત પરંપરા અને ગામ લોકોની આસ્થાને આંચ ન આવે એ માટે મહારાષ્ટ્રની પોલીસે આ મોરચાને શિંગણાપુર પહોંચતાં પહેલાં જ અટકાવી દેતાં વાત વધારે વણસી છે. પરંપરા અને પરિવર્તન વચ્ચે સીધી ટક્કર શરુ થઈ ગઈ છે. આસ્થાના કૂંડાળામાં પુરાયેલા શિંગણાપુરવાસીઓ પરંપરાને ચાલુ રાખવા માગે છે. શનિદેવના પ્રચંડ પ્રભાવને લીધે ગામમાં કોઈ ઘરને બારણાં નથી. કયાંક ચોરીચપાટી થતી નથી. આવા શનિદેવની કહેવાતી મર્યાદાનો લોપ થાય અને પરિણામ સ્વરુપે ગામને એમનો કોપ વહોરવો પડે તે મંજૂર નથી. બીજી તરફ પ્રગતિશીલ પરિબળો જૂનો નીતિનિયમોમાં સુધારો કરી મહિલાઓને શનિપૂજનનો અધિકાર અપાવવા કૃતસંકલ્પ છે. એમની દલીલ છે કે ભગવાનના ઘરમાં આવો લિંગભેદ કે જાતિભેદ વર્જ્ય ગણાવો જોઈએ. જો કે વાસ્તવિકતા જુદી જ છે. આજે પણ જાતિ અને ધર્મના આધારે ધર્મસ્થાનોમાં ઘણી જગ્યાએ અસ્પૃશ્ય ગણાતા શૂદ્રોને પ્રવેશ અપાયો નથી. કોઈ ઉચ્ચ પદાધિકારી દલિત દ્વારા આવા મંદિરોમાં પૂજન-અર્ચન કરાયું હોય તો પાછળથી એને ગંગાજળથી 'શુધ્ધ' કરવામાં આવે છે! એકવીસમી સદીમાં માનવી ચંદ્ર અને મંગળ પર પહોંચી ગયો છે પરંતુ ભારતમાં વર્ણાશ્રમ સંહિતા મુજબની જૂની પરંપરાઓ યથાવત્ રહી છે તે કેવી શરમજનક બાબત છે! શનિ-શિંગણાપુર મુદ્દે ખુદ મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ મહિલાઓને સમર્થન આપનું નિવેદન કરવું પડ્યું છે. અખાડા પરિષદ તરફથી પણ ભગવાનના ઘરમાં ભેદભાવ નહીં રાખવાનું નિવેદન આપ્યું છે. સમય સાથે જૂના વિચારો અને પરંપરાઓમાં સુધારો થાય તે ખૂબ જ જરુરી છે.

## સ્ત્રી સ્વાતંત્ર્યને યોગ્ય નથી એ સૂત્ર શાસ્ત્ર સંમત જરાય લાગતું નથી

### તુલસીદાસને હું પૂજું પણ મારી પૂજા આંધળી નથી : ગાંધીજી



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

આપણા સમાજમાં સ્ત્રીને હલકી ગણવાની જે પ્રથા પડેલી છે તે દૂર કરવી જોઈએ. જન્મ ઈશ્વરના હાથમાં છે, સ્ત્રી કે પુરુષ કોઈ પણ. પછી એકને પુરુષને ચડીયાતો સાબિત કરવા માટે બીજાને નીચા કેમ દર્શાવવા? એવો સવાલ મહાત્મા ગાંધીએ વખતોવખત કર્યો છે. તેઓ કહેતા સંસ્કૃત સાહિત્યના વચનો વિશે તો એવો વહેમ પેસી ગયેલો જોવામાં આવે છે કે સંસ્કૃતમાં લખાયેલા શ્લોકો જાણે કે શઆસ્ત્રકથન જ હોય નહીં!

સંસ્કૃતના એક વાકય 'ન સ્ત્રી સ્વાતંત્ર્યમર્હતિ' । એટલે સ્ત્રી સ્વાતંત્ર્યને યોગ્ય નથી. એ સૂત્ર મહાત્મા ગાંધીને શાસ્ત્ર સંમત લાગતું નથી. સમાજ જીવનની સ્ત્રી-પુરુષની સમાનતાને જ તર્કબદ્ધ બાબત છે જયારે સમાજના મુખ્યચાલક બળ સરીખાં સ્ત્રી અને પુરુષમાં સ્ત્રીને હીન કે નિમ્ન દર્શાવીન પુરુષને વધુ ઉચ્ચ બતાવવાના કે બનાવવાના પ્રયત્નોને તેમણે હંમેશા અયોગ્ય ઠેરવ્યા હતા.

ગોસ્વામી તુલસીદાસને હું પૂજું છું.

એમ તેઓ કહેતા પરંતુ તુલસીદાસજીનાં' ઢોર, ગંવાર શુદ્ર અરુ નારી, યે સબ તાડકને અધિકારી' એ દુહા સંદર્ભે તેમણે કહ્યું હતું કે પણ મારી પૂજા આંધળી નથી. કાં તો આ દુહો ક્ષેપક છે. અને જો તુલસીદાસનો જ હોય તો તેમણે વગર વિચારયે પ્રચલિત રૂઢીને અનુસરી કાઢેલો હોવો જોઈએ... આ વહેમ દૂર કરીન આપણામાં સ્ત્રીને હલકી ગણવાની જે પ્રથા પડેલી છે. તેને જડમૂળમાંથી ઉખેડવી જોઈએ. સ્ત્રીને હલકી ગણવાની જે પ્રથા આપણામાં પડેલી છે તેને દૂર કરવા ઉપરાંત ગાંધીજી કહે છે કે 'બીજી તરફ વિષયાંધ થઈ આપણામાંના કેટલાક સ્ત્રીને ઢીંગલીદેવી ગણી તેની પૂજા કરે છે ને જેમ ઠાકોરજીને આપણે પહોંરે પહોરે નવીન આભૂષણોથી શણગારીને છીએ તેમ શણગારે છે. આ પૂજાદોષમાંથી પણ નીકળી જવું એ જરુરનું છે.'

સ્ત્રી જાતિની અવનતી દૂર કરવામાં મહાભગીરથ પ્રયત્ન તો હિંદુ ધર્મશાસ્ત્રોમાં સ્ત્રીઓ વિશે રહેલા આક્ષેપો દૂર કરવાનો છે. એ પ્રયત્ન કોણ કરે અને કેમ થઈ શકે? એવો પ્રશ્ન સાથે ઉત્તર દર્શાવતા તેઓ કહે છે કે એ પ્રયત્ન કરવા સારું આપણી સીતા, દમયંતી, દ્રૌપદીના જેવી પવિત્રતાવાળી સંમયી સ્ત્રીઓ પેદા કરવી પડશે. એ વેળાએ આ હિંદુ સતીઓને પૂજનારો હિંદુ સંસાર આધુનિક સતીઓને પણ પૂજશે, તેઓનાં વચનો શાસ્ત્રપ્રમાણ જેવા ગણી હિંદુ સંસાર ઝીલી લેશે, અને સ્મૃતિ આદિમાં રહેલા કટાક્ષોથી આપણે લાજીશું. અને તેને ભૂલી જઈશું.


ગાંધી કોઈ પણ વિષય ઉપર જયારે જરુર પડી ત્યારે બોલ્યા છે. કોઈ પણ બાબત ઉપર જાહેર ચર્ચા કરવામાંથી પોતાની જાત કે પોતાની વાતને તેમણે છેટી રાખી નથી. સ્ત્રીઓના માસિક ધર્મ વિશે તેમણે કહ્યું છે 'ઋતુ પ્રાપ્તિએ એ સ્ત્રીઓને સારું માસિક વ્યાધિ છે. એ વખતે દરદીને અત્યંત શાંતિની આવશ્યકતા છે. માસિક ધર્મને વખતે કોઈ નિયત કાર્ય ન સોંપાય એમ મને લાગે છે ખરું. કયારે સ્ત્રીને આ સમયમાં દુઃખ જણાય તે તેના વગર કોઈ કળી ન શકે. આ સમયમાં સ્ત્રીની ઉપર કશા પ્રકારનો બોજ ન હોય એ ઈષ્ટ છે. આ સમયગાળામાં સ્ત્રીને જવાબદારી માત્રમાંથી મુક્ત રાખવી ઘટે છે. તેને સૂઈ રહેવું હોય તો સુવાની ટેવ હોવી જોઈએ. અણસમજથી કેટલીક સ્ત્રીઓ તે સમયમાં પણ દોડધામ છોડતી નથી તે જ્ઞાનહીન છે. તેને સમજ આપવાની જરુર છે. બેઠાં બેઠાં અથવા અલ્પ પ્રયાસથી થઈ શકે એવા અનેક પ્રકારના ઘરકામ તેઓ માટે કલ્પી શકાય છે કે જે રજસ્વલા સ્ત્રી સુખેથી કરી શકે.

ગાંધીજી કહે છે માસિક ધર્મનું સંપૂર્ણ જ્ઞાન તે ઉંમરે પહોંચેલી બાળાને આપવું, તેથી નાની બાળા તે જાણે ને પૂછે તો તેને પણ તે સમજી શકે તેટલું સમજાવાય.

સંદર્ભ : સ્ત્રીઓ અને સ્ત્રી જીવનની સમસ્યાઓ, ગાંધીજી, સંપાદક : લલ્લુભાઈ મકનજી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૩૮૦૦૧૪

**(લેખક ગુજરાત કોલેજ, અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

## સાવ સીધોને સરળ અનુવાદ રાધા



કૈંક ચોમાસાં અને વરસાદ રાધા
એક રાતે કૃષ્ણમાંથી બાદ રાધા
કૃષ્ણ નામે ગ્રંથના સમજાય તો પણ
સાવ સીધો ને સરળ અનુવાદ રાધા

**(મુકેશ જોશી)**



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડૉ. સંતોષ દેવકર

ગયા રવિવારે જય વસાવડાના પુસ્તક જયશ્રી કૃષ્ણની અધૂરી વાત આજે પૂરી કરીશું. જયભાઈના શ્વાસમાં 'રિવોલ્યુશન' મને 'ઈવોલ્યુશન' એક સાથે ઘૂંટાય છે. આધુનિક વૈશ્વિક ચેતનાના સફળ છતાં સરળ જયભાઈ ગુજરાતી માટીનો ધબકાર છે.

'**JSK**' માં લેખક લખે છે કે કૃષ્ણ પૂર્ણાવતાર છે, કારણ કે મસ્તીખોર છે, મહાજ્ઞાની છે, યુદ્ધ ભુજામાં તો બુદ્ધ ભેજામાં છે. રોમેન્ટિક છે, એવા જ ચૈતસિક છે. મિત્ર છે અને મહારથી પણ! કૃષ્ણે પરિસ્થિતિ અને પ્રમાણભાન મુજબ ખુદના આદર્શો બનાવ્યા છે, અને બીજા એના પર ચાલ્યા છે. આ બાબતે કૃષ્ણ અભય અને મૌલિક છે.

ઈન્દુલાલ ગાંધીને ટાંકતા

એકવાર હું ને મીરા મથુરામાં ગ્યા'તા
ઘુઘરીને ઘમકારે ઘેલાં ઘેલાં થ્યા'તા

ભાગ્યેશ જહા


ઓઢણીમાં સુસવાટો રણનો વંટોળ
અને વીરડીમાં જાગ્યું તોફાન

રાધાકૃષ્ણ ધાર્મિક ઘટના ઓછી અને સાંસ્કૃતિક ઘટના વધુ છે. ફિલોસોફિકલ ઈન્ટરપ્રિટેશન્સ થતા રહે છે, આધ્યાત્મિક અર્થઘટનો પુસ્તકાલય ભરાય એટલા થયાં છે, પણ ભારતમાં રાધા-કૃષ્ણ આજની ભાષામાં કહીએ તો લવ, ડેટિંગ, બોયફ્રેન્ડ - ગર્લફ્રેન્ડના સહજ સિમ્બોલ તરીકે પૂજાતાં આવ્યાં છે. એમનાં ચિત્રો-ગીતો રચાતાં આવ્યાં છે. આજકાલ ફૂટી નિકળેલા નવતર કટ્ટરપંથો સિવાય કોઈને તેમાં પ્રોબ્લેમ પણ થયો નથી. ન તો કોઈએ રાધા-કૃષ્ણના શૃંગાર પર સેન્સરશીપ મૂકી છે, એની ગમ્મત પણ સહજ ભાવે સ્વીકૃત થઈ છે.

સુપ્રીમ કોર્ટ જ નહીં, કોઈ પણ સમજદાર માણસને આપણા સમાજમાં બેવડા ધોરણો પણ નવાઈ લાગે તેમ છે. ઘેર ઘેર રાધાકૃષ્ણ પૂજાતાં હોય અને જુવાન છોકરા-છોકરી પ્રેમ કરીને સત્તાવાર લગ્નની વાત કરે, તો ઘણી વખત માતાપિતા જ એમની ક્રૂરતાપૂર્વક સંસ્કૃતના નામે હત્યા કરાવતાં હોય!

કૃષ્ણ સાહજિક અને પ્રાકૃતિક છે. એટલે જ પુરુષ નહીં, પણ મહાપુરુષ છે. બાંસુરીના 'સિમ્બોલ' વાળા આ પ્રભુ જગતના એકમાત્ર 'મ્યુઝિકલ' અને 'ડાન્સિંગ' ભગવાન છે. એમને સંગીત, નૃત્ય, રતિક્રિયા અને રમૂજ એટલા જ ભય છે, જેટલી પ્રિય તત્ત્વજ્ઞાન અને રાજનીતિની ચર્ચાઓ છે. કૃષ્ણે સંગઠનનો મહિમા ગાયો છે. નવા નગર આયોજનો કર્યા છે. સામી વ્યક્તિના વિચારો જાણવામાં એ માહેર છે.

ભગવદ્ગીતામાં અદ્ભૂત ઉપદેશ આપ્યા પછી પણ એ અર્જુનને છૂટ આપે છે : "યથેચ્છતિ તથા કુરુ" - તને મરજી પડે તેમ કર. કોઈ બંધિયારપણું નહીં! ન્યુ જનરેશનને ૨૧મી સદીમાં આવા જ ઈશ્વર ગમે.



વૅલ, જમાનો વહાલા કૃષ્ણને ગમે એવો કલરફુલ, યુથફુલ એન્ડ ટ્રાન્સપરેન્ટ બની રહ્યો છે, ત્યારે દૂર નગરીએ ગયા વિના ફૅસબુક પર એક્ટિવ થઈને પણ ફેસ બતાવ્યા વિના દૂર દેશાવર ચેટ થઈ શકે છે. તો કેમ આવી કોઈ મળવા જવાની દિલધડક મૂંઝવણોને બદલે કાનજી મુરલીવાળા સાથે ચેટ ન થાય? બસ, એના માટે મોબાઈલમાંથી લોગ ઓફ થઈ, અપુન કે હાર્ટ મેં લોગ ઈન કરને કો માંગતા...

યુવાનો માટેનું અદ્ભૂત પુસ્તક છે. કૃષ્ણને એક નવા જ એંગલથી જોવાનો પ્રયત્ન લેખકે કર્યો છે. અને તે સફળ થયો છે. આજનો યુવાન આ પુસ્તકના પ્રેમમાં ન પડે તો જ નવાઈ!!! **(સંપૂર્ણ)**

પુસ્તકનું નામ : '**JSK**' (જયશ્રી કૃષ્ણ)
લેખક : જય વસાવડા
પ્રકાશક : રિમઝિમ ક્રિએશન, રાજકોટ
કિંમત : ૫૦૦/-

**મિસરી :**

ગજને વહાલે ઉગારિયો...
વળી સુદામાની ભાંગી ભૂક
સાચી વેળાના મારા વાલ'મા
તમે ભક્તોને આપ્યા ઘણા સુખ રે
શામળા ગિરધારી...

(SMS - નિલમબેન, સ્તુતિબેન, જેતપુર)

## બેસી રહ્યાં છે, બંનેય સાથ સાથ પકડી હાથ; પોત-પોતાના અંધકારમાં ડૂબી આખીય રાત, થઈને ચૂપચાપ - ધરતીને આકાશ!



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

વિશ્વગ્રામ (બાસણા), કડી સર્વ વિશ્વવિદ્યાલય, સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ અને ગાંધી મિત્ર વર્તુળ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે; આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કબીર-ગાન ગાયિકા શબનમ વીરમાણીનો કબીર-ગાનનો કાર્યક્રમ, તા.૨૦.૧.૧૬ ના રોજ, શેઠ ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન, કડી કેમ્પસ, સે-૨૩ ખાતે, કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રમુખ વલ્લભભાઈ એમ. પટેલના અધ્યક્ષપદે અને સેવાનિવૃત્ત મુખ્ય સચિવ પ્રવીણ લહેરીના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રોતાજનો અને સાહિત્યકાર-મહાનુભાવો સંજય-તુલા (વિશ્વગ્રામ), એસ.કે. મંત્રાલા (કુલ સચિવ), ડૉ. ભાવિન પંડ્યા, ભાનુભાઈ પુરાણી, પ્રવીણ ગઢવી, વી.એસ. ગઢવી, ડંકેશ ઓઝા, ભરત કવિ 'ઉર્મિલ' વિગેરેએ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કબીર-ગાન ગાયિકા શબનમ વીરમાણીના મધુર કંઠે વહેતા કબીર ગાનની લહેજતને સર્વેએ મનભર માણી હતી.

- આઝાદી પૂર્વે સાબરકાંઠા જિલ્લાના આદિવાસીઓ વ્યસનો, વહેમો, કુરિવાજો અને આદિમ કક્ષાની અંધશ્રધ્ધાઓ સાથે, સાવ મંદપ્રાણ બનીને જીવતા હતા. આવા અંધકારભર્યા દિવસો એ કલુષિત વાતાવરણ વચ્ચે એક નરસિંહભાઈ ભાવસાર નામના પરગજુ નવજુવાને પોતાની પ્રાથમિક શાળાના શિક્ષક તરીકેની કાયમી નોકરીને સ્વેચ્છાએ છોડીને, આદિવાસી બાળકોને 'પરભવના પિતરાઈ' માનીને શિક્ષણ અને સમગ્ર વનવાસી પ્રજાને સંસ્કારનાં સિંચન કરવાનું મહાઉમદા અને એક અનોખું કાર્ય ઉપાડ્યું. આ યુવાનનાં ઉમદા કાર્યો અને સંઘર્ષ-વ્યથા-અડચણોને સાહિત્યકાર-નવલકથાકાર શ્રી રજની કુમાર પંડ્યાએ તેમની નવલકથા 'પરભવના પિતરાઈ'માં ચિતાર આપ્યો છે, જેની ત્રીજી આવૃત્તિનું વિમોચન અને તેના પરથી બનેલી ટેલિફિલ્મનું સ્ક્રીનિંગ વિશ્વકોશ ખાતે થયું. જેમાં ફિલ્મનાં દિગ્દર્શક નિમેષ દેસાઈએ ફિલ્મ વિષે વિગતે વાત કરી અને ત્યારબાદ રજનીકુમાર પંડ્યાએ તેમની આ ચરિત્રનવલના સર્જક વિશે ચિતાર આપ્યો હતો.
- ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપક્રમે તા.૧૭મી જાન્યુઆરીના રોજ આટકોટ મુકામે આર્ટ્સ કૉલેજમાં, કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને તથા વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન - વરિષ્ઠ સિન્ડિકેટ સભ્ય ડૉ. ગિરીશ ભીમાણી અને પૂર્વ ધારાસભ્ય ભરતભાઈ બોધરાની વિશેષ ઉપસ્થિતિમાં, 'કઠસ્થ પરંપરા અને લોકસાહિત્યમાં જીવનમૂલ્યો' વિશેનો પરિસંવાદ યોજાઈ ગયો, જેમાં જાણીતા વિદ્વાન-સાહિત્યકાર જોરાવરસિંહ જાદવે 'લોકસાહિત્યમાં જીવન મૂલ્યો' વિશે, સંતસાહિત્યના વિદ્વાન, ડૉ. નિરંજન રાજયગુરુએ 'સંતસાહિત્યમાં જીવનમૂલ્યો' વિશે તથા ચારણી સાહિત્યના તજજ્ઞ ડૉ. અંબાદાન રોહડિયાએ 'ચારણી સાહિત્યમાં જીવન મૂલ્યો' વિશે મનનીય વકતવ્ય આપ્યું હતું.

જાણીતા ભૌતિકશાસ્ત્રી અને રવીન્દ્રનાથ ટાગોરના સાહિત્ય અને સંગીતના અભ્યાસી પાર્થ ઘોષે 'સાયન્સ ઈન ટાગોર્સ પોએમ્સ એન્ડ સોન્ગ્સ' વિશે તા. ૭.૯.૨૦૧૫ના રોજ વિશ્વકોશના હિરાલાલ ભગવતી સભાગૃહમાં વકતવ્ય આપ્યું હતું અને કવિવર ટાગોરના ઉત્તમ સાહિત્ય અને સંગીતનાં દર્શન કરાવ્યાં હતા.

- ગઝલ સાધના ગ્રુપ અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુક્ત ઉપક્રમે, સુરત ખાતે તા.૨૪મી ઑકટોબરના રોજ, કવિતા-એક સંજીવની 'કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં કવિ સંજુવાળાની કવિતા વિષે અરવિંદ ભટ્ટે વકતવ્ય આપ્યું હતું અને કવિ સંજુવાળાએ પોતાની કવિતાઓનું પઠન ગાન કર્યું હતું.'
- સુરતની એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ તરફથી અપાતા 'જયંત પાઠક કવિતા પુરસ્કાર' અન્વયે, આ પુરસ્કાર ચયન સમિતિ દ્વારા; સને ૨૦૧૨-૨૦૧૩ના વર્ષ દરમિયાન પ્રગટ થયેલાં કાવ્યસંગ્રહોમાંથી, પુરસ્કાર સમિતિના તજજ્ઞોએ કવિ મનોહર ત્રિવેદીના કાવ્યસંગ્રહ 'વેળા'ને પુરસ્કાર આપવાનું નક્કી કર્યું છે.
- ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ' અંતર્ગત, એક કાવ્યલેખન શિબિર, જાણીતા સાહિત્યકાર ધીરુભાઈ પરીખ અને માધવ રામાનુજના માર્ગદર્શન હેઠલ યોજાઈ ગઈ, જેમાં ધીરુભાઈ પરીખે 'પૃથ્વી' અને 'શિખરિણી' છંદ શિખવ્યા હતા જયારે માધવ રામાનુજે સ્વરચિત છંદોબદ્ધ કાવ્યો, ગીત અને અછાંદસ રચનાઓનું પઠન કરાવ્યું હતું અને કાવ્યના ઘટકતત્વો વિશે સંપૂર્ણ માહિતી આપી, બહેનોને ઉજાગર કરી હતી. અને એક એક રચનાના પઠન પછી, રચનાઓમાં થયેલી ક્ષતિઓની સહેજ અને સરળ રીતે સમજ આપી હતી. પારુલબેન દેસાઈએ બહેનોને પ્રોત્સાહિત કરીને, નવકવયિત્રી માટે આશા જગવી હતી.

દધિ હાઈકુ

થાય મિલન
ધરતીને આભનું,
વિજળી સંગ!

'નૈવેદ્ય' શબ્દ
થતો પ્રભુ પૂજામાં,
હવે લાંચમાં!

'હું - હું' શું કરે?
ધબકશે જગત,
તું હો કે, ના હો!

દધિ તાન્કા

કિનારે બેસી
છબછબિયા કર્યે
મોતી ન લાધે;
તે માટે મરજીવા થૈ,
ખાબકવું પડે!

દધિ હાઈન્કા

બેસી રહ્યાં છે
બંનેય સાથ સાથ
પકડી હાથ;
પોત-પોતાના
અંધકારમાં ડૂબી
આખીય રાત,
થઈને ચૂપચાપ -
ધરતીને આકાશ!

- muljibhaidadhi@gmail.com